# રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની

# મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ

GPSC

વિષય કોડ-STM1 (વર્ણનાત્મક)

# ગુજરાતી (મુખ્ય પરીક્ષા)

ગુણ:૧૦૦ | માધ્યમ:ગુજરાતી | સમય: 3 કલાક

| ક્રમ | અભ્યાસક્રમની વિગત | ફાળવેલ ગુણ |
| --- | --- | --- |
| ૧ | નિબંધ: ત્રણ પૈકી કોઇ પણ એક (ઓશરે ૨૫૦ થી ૩૦૦ શબ્દોમાં) (વર્ણનાત્મક/ વિશ્લેષણાત્મક/ ચિંતનાત્મક/ સાંપ્રત સમસ્યા પર આધારીત) | ૧૫ |
| ૨ | વિચાર વિસ્તાર ( બે પૈકી કોઇ પણ એક) કાવ્ય પંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચારવિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩ | સંક્ષેપીકરણ: આપેલ ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | ૧૦ |
| ૪ | ગદ્ય સમીક્ષા : આપેલા ગદ્યખંડના આધારે પુછેલા પ્રશ્નોના જવાબ લખો | ૧૦ |
| ૫ | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા (આશરે ૧૫૦ શબ્દોમાં) | ૧૦ |
| ૬ | પત્ર લેખન (અભિનંદન/ શુભેચ્છા/ વિનંતી/ ફરીયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૫ |
| ૭ | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાન પત્રમાં પ્રજાના પ્રશ્નો/ સાંપ્રત સમસ્યાઓ/ વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર) | ૧૦ |
| ૮ | અહેવાલ લેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯ | ભાષાંતર: અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ |
| ૧૦ | ગુજરાતી વ્યાકરણ | ૧૦ |

સુચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં)

GPSC

૧) રૂઢીપ્રયોગોનો અર્થ અને તેનો વાક્યપ્રયોગ

૨) કહેવતોનો અર્થ

૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ

૪) છંદ ઓળખાવો

૫) અલંકાર ઓળખાવો

૬) શબ્દસમુહ માટે એક શબ્દ

૭) જોડણી શુદ્ધિ

૮) લેખન શુદ્ધિ/ભાષા શુદ્ધિ

૯) સંધિ જોડો કે છોડો

૧૦) વાક્યરચાના અંગો /વાક્યના પ્રકાર/વાક્ય પરીવર્તન

કુલ ગુણ ૧૦૦

**SUBJECT CODE:STM2** **(Descriptive)**

# PAPER-2: ENGLISH (MAIN EXAMINATION)

**Marks-100** **Medium: English** **Time: 3 Hours**

| Sr. No | TYPE OF QUESTION | Marks to be allotted |
|---|---|---|
| 01 | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words): Choose any one topic from a list of five. (Descriptive/ analytical/ philosophical/ based on Current Affairs) | 15 |
| 02 | LETTER WRITING (in about 150 words):<br>A formal letter expressing one's opinion about an issue. The issues can deal with daily office matters/ a problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern etc. | 10 |
| 03 | REPORT WRITING (in about 200 words):<br>A report on an official function/ event/ field trip/ survey etc. | 10 |
| 04 | WRITING ON VISUAL INFORMATION (in about 150 words): A report on a graph/image/ flow chart/table of comparison/ simple statistical data etc. | 10 |
| 05 | FORMAL SPEECH (in about 150 words):<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/conference, a formal ceremony of importance etc. | 10 |
| 6 | PRECIS WRITING:<br>A precis in about 100 words for a 300-word passage. | 10 |
| 07 | READING COMPREHENSION: A reading passage of about 250 words to be given followed by short answer type questions. | 10 |

| | | |
|---|---|---|
| 08 | ENGLISH GRAMMAR:<br>a. Tenses<br>b. Voice<br>c. Narration (Direct-Indirect)<br>d. Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of idiomatic expressions<br>i. Administrative Glossary<br>j. Synonyms/Antonyms<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion like homonyms/homophones. | 15 |
| 09 | TRANSLATION: Translation of a short passage (of about 150 words) from Gujarati to English. | 10 |
| | Total | 100 |

**વિષય કોડ-STM3** **(વર્ણનાત્મક)**

## સામાન્ય અભ્યાસ-૧ (મુખ્ય પરીક્ષા)

**ગુણ-૧૦૦** **માધ્યમ-ગુજરાતી** **સમય-૩ કલાક**

**પ્રશ્નપત્રનું માળખુ નીચે મુજબ રહેશે.**

| પ્રશ્નોની સંખ્યા | પ્રશ્નવાર ગુણ | પ્રશ્નવાર શબ્દ મર્યાદા | કુલ ગુણ |
|---|---|---|---|
| ૧૦ | ૧૦ | ૨૦૦ | ૧૦૦ |

### (ક) ભારતનો ઇતિહાસ

૧. સિંધુ ખીણની સભ્યતા: લાક્ષણિકતાઓ, સ્થળો, સમાજ, સાંસ્કૃતિક ઇતિહાસ, કળા અને ધર્મ, સિંધુ ખીણની સભ્યતા અને ગુજરાત, વૈદિક યુગ- જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ,નંદ રાજવંશ.

૨. મોર્ય અને ગુપ્ત સામ્રાજ્ય.

૩. વિજયનગર સામ્રાજ્ય અને દક્ષિણ ભારતના મહત્વના રાજવંશો.

૪. ગુજરાતના મહત્વના રાજવંશો- તેમનું વહીવટી તંત્ર, કલા, સ્થાપત્ય, સાહિત્ય અને વિજ્ઞાન અને ટેકનોલોજી.

૫. શૈક્ષણિક સંસ્થાઓ: તક્ષશીલા, નાલંદા અને વલભી.

૬. ભારતમાં યુરોપિયનોનું આગમન, ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના અને વિસ્તરણ ૧૭૫૭ થી ૧૮૫૬, જમીન મહેસૂલ પધ્ધતિ-કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી, શિક્ષણ પધ્ધતિ.

૭. ભારતનો ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ, ૧૯મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો, ભારતમાં રાષ્ટ્રવાદના ઉદય માટે જવાબદાર પરિબળો, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ.

૮. રાષ્ટ્રીય ફલક પર મહાત્મા ગાંધીનો ઉદય અને તેમના વિચાર, સિધ્ધાંતો અને જીવન દર્શનનો ભારતના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન પર ભૂમિકા.

૯. સ્વતંત્રતા ચળવળ અને સ્વાતંત્ર્યોત્તર એકીકરણમાં સરદાર પટેલની ભૂમિકા.

૧૦. ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ, આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ.

૧૧. આઝાદી પછીનું ભારત: દેશમાં રાજ્યોનું પુનર્ગઠન, મહાગુજરાત ચળવળ, અગત્યની ઘટનાઓ.

## (ખ) સાંસ્કૃતિક વારસો

૧. ભારતીય સંસ્કૃતિ તથા પ્રાચીનથી અર્વાચીન સમય સુધીના તેના કળા સ્વરૂપો, સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્યની મુખ્ય લાક્ષણિકતાઓ; ભારતીય સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ.

૨. ભારતીય ચલચિત્રો અને રંગભૂમિ તથા તેનો સમાજ પર પ્રભાવ.

૩. ગુજરાતના કળા અને કસબ

૪. ગુજરાતી રંગભૂમિ

૫. ગુજરાતની લોકસંસ્કૃતિ અને મૌખિક પરંપરા: તેનું મહત્વ, લાક્ષિણકતાઓ અને અસરો.

૬. ગુજરાતના દરીયાકાંઠાની સંસ્કૃતિ અને આદિવાસી સંસ્કૃતિ.

## (ગ) ભૂગોળ

૧. ગુજરાત અને ભારતની ભૌતિક લાક્ષણિકતાઓ અને સંસાધનોનો અભ્યાસ: મુખ્ય ભૂમિસ્વરૂપો, આબોહવા, જમીન, ખડકો, નદીઓ, જળાશયો, વનસ્પતિ, ખનિજ અને જળ સંસાધન.

૨. આર્થિક પ્રવૃત્તિઓ: પ્રાથમિક, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ

૩. સામાજિક અને વસ્તીવિષયક ભૂગોળ.

૪. વિકાસકીય અને પર્યાવરણીય મુદ્દાઓ, ટકાઉ વિકાસ, વૈશ્વિકીકરણ; તેની સામાજિક અને આર્થિક અસરો, સ્માર્ટ સિટી અને ઉપાયો. કુદરતી પ્રકોપો, કાર્બન ઉત્સર્જન, પ્રદૂષણ પ્રકોપ વ્યવસ્થાપન.આબોહવા પરિવર્તન અને પર્યાવરણ ક્ષયની સમસ્યાઓ માટે વૈશ્વિક પ્રતિભાવ: મહત્વપૂર્ણ સંધિઓ અને સંમેલનો.

## (ઘ) વિજ્ઞાન અને ટેકનોલોજી

૧. ઉમદા માનવજીવન માટે વિજ્ઞાન ટેકનોલોજી અને ઇનોવેશનનો સમન્વય, રોજ બરોજના જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી; વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતનું યોગદાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ અને પ્રસારમાં પડકારો અને બાધાઓ, રાષ્ટ્ર ઘડતરમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા અને અવકાશ.

૨. ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી:(આઇસીટી) - તેનું મહત્વ, લાભ અને પડકારો, ઇ-ગવર્નન્સ અને ભારત, સાયબર ક્રાઈમ અને સાયબર સિક્યોરિટી બાબતે નીતિઓ.

૩. ભારતનો અંતરીક્ષ કાર્યક્રમ: ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. ભારતની ઉર્જાનીતિ અને પરમાણુ નીતિ. સંરક્ષણ સેવાઓમાં ટેકનોલોજી મહત્વ,લાભ અને પડકારો.

૪. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઇન્ટેલેક્ચુઅલ પ્રોપેર્ટી રાઇટ્સ સંબંધિત બાબતો.

**વિષય કોડ-STM4** **(વર્ણનાત્મક)**

## સામાન્ય અભ્યાસ-૨ (મુખ્ય પરીક્ષા)

**ગુણ-૧૦૦** **માધ્યમ-ગુજરાતી** **સમય-૩ કલાક**

**પ્રશ્નપત્રનું માળખુ નીચે મુજબ રહેશે.**

| પ્રશ્નોની સંખ્યા | પ્રશ્નવાર ગુણ | પ્રશ્નવાર શબ્દ મર્યાદા | કુલ ગુણ |
|---|---|---|---|
| ૧૦ | ૧૦ | ૨૦૦ | ૧૦૦ |

### (ક) ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ

૧. ભારતનું બંધારણ અને તેની મુખ્ય લાક્ષણિકતાઓ.

૨. ભારતીય સંઘ તથા રાજ્ય સરકારોના કાર્યો તથા ફરજો.

૩. સંધીય માળખાને સંલગ્ન મુદ્દાઓ તથા પડકારો-રાજ્યોમાં રાજ્યપાલની ભૂમિકા.

૪. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સત્તાનું વિભાજન(કેન્દ્ર યાદી, રાજ્ય યાદી, સહવર્તી યાદી), મુદ્દાઓ અને પડકારો.

૫. મહત્વના બંધારણીય સુધારા.

૬. બંધારણીય સંસ્થાઓ અને તેમની ભૂમિકા.

૭. સંસદ અને રાજ્ય વિધાન ગૃહ- માળખું, કામગીરી, કાર્યસંચાલન સત્તા અને વિશેષાધિકાર તથા સંલગ્ન મુદ્દાઓ.

૮. ભારતમાં ન્યાયપાલિકા - માળખુ અને કાર્યો, કટોકટીને લગતી અગત્યની જોગવાઈઓ અને બંધારણીય સુધારાઓ, ન્યાયિક સમીક્ષા, જનહિત યાચિકા.

### (ખ) લોકપ્રશાસન, શાસન અને લોકસેવામાં નીતિશાસ્ત્ર

૧. લોકશાહીમાં મુલ્કી સેવાની ભૂમિકા. વિવિધ ક્ષેત્રોનાં વિકાસ સંદર્ભમાં સરકારની નીતિઓ તથા દરમ્યાનગીરી, અમલીકરણના મુદ્દાઓ તથા સમસ્યાઓ.

૨. વૈધાનિક, નિયમનકારી અને વિવિધ અર્ધન્યાયિક સંસ્થાઓ.

૩. સુશાસન અને ઇ-શાસન- પારદર્શિતા, શાસનમાં ઉત્તરદાયિત્વ તથા સંવેદનશીલતા- નાગરિક અધિકાર પત્ર, માહિતી અધિકારનો હક, જાહેર સેવા અધિનિયમ અને આ સર્વેની અસરો, સામાજિક અન્વેષણ અને તેનું મહત્વ.

૪. જાહેર સેવામાં નીતિશાસ્ત્ર, સત્યનિષ્ઠા અને ઉત્તરદાયિત્વ- માહિતી અધિકાર કાયદો, જાહેર સેવા કાયદો અને તેની અસરો.

૫. નીતિશાસ્ત્ર સંબંધિત મુદ્દાઓ અને પડકારો-ભ્રષ્ટાચારવિરોધી તંત્ર, લોકપાલ, લોકાયુક્ત.

## (ગ) વાણિજ્ય અને સંચાલન

૧. વ્યાપાર અને વાણિજ્ય :- આંતર રાષ્ટ્રીય વ્યાપાર સહિત વ્યાપારના પ્રકારો, ભારતમં સ્ટોક એક્સ્ચેંજ, ઇ-કોમર્સ, વ્યાપાર અને વાણિજ્યમાં સરકારની ભૂમિકા અને હસ્તક્ષેપ, વ્યાપારના નિયમન માટેનું તંત્ર, વિશ્વ વ્યાપાર સંગઠન (WTO). SAARC, ASEAN and BRICS.

૨. ભારતની રાજવિત્તિય અને નાણાકીય નીતિ : સિધ્ધાંતોનો મૂળભૂત ખ્યાલ, કરવેરાની લાક્ષણિકતાઓ અને સૂચિતાર્થો ભારતીય જાહેર વિત્તવ્યવસ્થા; ભારતીય કર પધ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવુ અને તેનુ સંચાલન, ભારતીય અર્થતંત્રમાં ખાદ્ય અને સહાય. કેન્દ્ર અને રાજ્યના નાણાકીય સંબંધો. કેંદ્રીય નાણાપંચ અને રાજ્ય નાણા પંચની ભૂમિકા. અર્થતંત્રના વિવિધ સૂચકાંકો, ભારતીય જાહેર વિત્તવ્યવસ્થા સાથે સંકળાયેલી અગત્યની સસ્થાઓ. ફૂગાવો અને અર્થતંત્ર પર તેની અસરો, ફૂગાવા બાબતે વિવિધ ખ્યાલો.

૩. અંદાજપત્રના પ્રકારો અને જાહેર દેવુ, The Fiscal Responsibility and Budgetary Management Act. બંધારણની કલમ ૨૬૬ અન્વયે ભારત તથા રાજ્યોની એકત્રિત નીધિ તથા જાહેર હિસાબો.

૪. કોર્પોરેટ કર સહિત આવક વેરો: પગાર, મિલકત, ધંધો, વ્યવસાયમાંથી થતી આવકની ગણતરી, કેપીટલ ગેઇન અને અન્ય સ્રોત; અકારણીની પધ્ધતિઓ, વ્યક્તિગત, ભાગીદારી કંપની અને જોઇન્ટ સ્ટોક કંપનીની આકારણી. Goods and Service Tax (GST).

## (ઘ) ભારતીય અર્થતંત્ર અને આયોજન

૧. ભારતીય અર્થતંત્ર: ભારતમાં આયોજનની કામગીરીનો ઉદભવ અને વિકાસ. કેન્દ્ર અને રાજ્ય સરકારની આર્થિક કામગીરી, ગતિશીલતા, પડકારો, નવી પહેલ, સુધારણા વગેરે. અગત્યની ઘટનાઓ, વિકાસ અને સામાજિક ક્ષેત્રની પહેલ. નીતિ આયોગ: ઉદ્દેશો, બંધારણ અને કાર્યો. સામાજિક ઓડિટ. કૃષિ, ઉદ્યોગો, આંતરમાળખાકીય ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર.

૨. નાણાં અને બેન્કિંગ માટે નિયમનકારી માળખું: વિભાવનાઓ, માળખુ અને ભૂમિકા.

૩. ગ્રામીણ વિકાસ અને ગ્રામિણ અર્થતંત્ર-પડકારો અને નીતિઓ; ભારતમાં રોજગાર નીતિઓ/યોજનાઓ.

૪. બાહ્ય ક્ષેત્ર: વિદેશ વેપરના વલણો, સંરચના અને દિશા. બાહ્ય ક્ષેત્ર સુધારાઓ. વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) અને વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI).

૫. ગુજરાતનું અર્થતંત્ર- એક અવલોકન; ભારત અને પ્રમુખ રાજ્યોની તુલનાએ ગુજરાતનું અર્થતંત્ર, આર્થિક અને સામાજિક માળખાગત સુવિધાઓના વિકાસની નીતિઓ. ગુજરાતમાં સહકારી આંદોલન અને જીવનની સામાજિક આર્થિક બાબતો પર તેની અસર.

૬. આંતરમાળખાકીય સુવિધાઓ: ઉર્જા, બંદરો, માર્ગો, હવાઈ મથકો, રેલવે, ટેલિકોમ્યુનિકેશન. સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ.

## (ચ) પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ.

GPSC